# ધન વ્યવસ્થા

DHAN VYAVASTHA

VOL. No. 8 ISSUE NO. 3-2016-17 DT. 07.07.2016 RS. 10/-

AN ISO 9001 : 2008 CERTIFIED COMPANY

## ટેક્સ ફ્રી બોન્ડ મેળવવા માટેની ઉત્તમ તક

ટેક્સ ફ્રી બોન્ડસના હાલના સમયમાં આવેલ પબ્લીક ઇશ્યુ ખૂબ જ મોટા પ્રમાણમાં વધુ ભરાયેલ (Over subcribe) છે. તેવા સંજોગોમાં રોકાણકારોને પોતાને રોકાણ કરવાની ઇચ્છા હોય તેટલા પ્રમાણમાં ટેક્સ ફ્રી બોન્ડસ બજારમાં ઉપલબ્ધ હોતા નથી.

ટેક્સ ફ્રી બોન્ડમાં રોકાણ કરવાની ઇચ્છા ધરાવતા રોકાણકારોએ અમારો રૂબરૂ સંપર્ક અથવા અમારા રીલેશનશીપ મેનેજરને આપને ત્યાં બોલાવી સંપર્ક કરવા વિનંતી છે.

**For Tax Free Bonds**

**Contact : Ashutosh Investment Advisory**

**M : 93 77 33 59 59, 99 74 18 89 89, 97 25 01 82 82**

**Please meet personaly or call our Relationship Manager for personal visit.**

## ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD.

A COMPLETE FINANCIAL SOLUTIONS ENTERPRISE

**Corporate & Correspondence Office :** Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, RAJKOT- 360 001. GUJARAT, INDIA. Phone : +91 281 222 4499, 223 6969. E-mail : info@ashutoshfinserv.com

**Ahmedabad Office :** 903-B, Synergy Tower, Corporate Road, Behind YMCA Club, Prahladnagar, AHMEDABAD-380 015. GUJARAT, INDIA. Phone : +91-79-4005 6279. E-mail : info.abad@ashutoshfinserv.com

www.ashutoshfinserv.com www.facebook.com/ashutoshfinserv

OUR DIVISIONS & SERVICES

**Ashutosh Investment Advisory**
Connecting people with Investment Opportunities
Email : relationship@ashutoshfinserv.com Mobile : +91 937 733 5959

**Ashutosh Capital Advisors**
Arranging Finance for all your needs
Email : capital@ashutoshfinserv.com Mobile : +91 960 100 6464

**Kothari & Co.**
Income Tax & Allied Laws Consultants
Email : lawserve@ashutoshfinserv.com Mobile : +91 937 696 2244

**Ashutosh NRI Services**
Taxation • Laws • Investments
Email: nris1@ashutoshfinserv.com Mobile: +91 722 884 8181

**Ashutosh Realty Services**
Real Estate Investment made simple
Email : realty@ashutoshfinserv.com Mobile : +91 972 521 9090

કરવેરા અને આયોજન

# બજેટ સ્પેશ્યલ – Finance Act - 2016

ધનવ્યવસ્થાના જુન મહિનાના અંકમાં ઈન્કમટેક્સના કાયદામાં કરવામાં આવેલા સુધારાઓ રજૂ કરેલ હતા. આ અંકમાં પણ ઈન્કમટેક્સના કાયદામાં કરવામાં આવેલા ફેરફાર અત્રે પ્રસ્તુત કરેલ છે.

## (૧) અગાઉ વસુલ ન થયેલ ભાડાના કેસમાં પણ સ્ટાન્ડર્ડ ડિડકશનની કપાતનો લાભ મળશે

ઈન્કટમટેક્સની કલમ 25A, 25AA તેમજ 25B ની વર્તમાન જોગવાઈઓ વસુલ નહીં થયેલ ભાડુ કરદાતાને જે સમયે મળે તે સમયે કરપાત્ર થાય છે. આ જોગવાઈઓનું સરળીકરણ કરી ઉપરોક્ત ત્રણેય કલમોની જોગવાઈઓને એક જ સુધારેલી કલમ 25A હેઠળ આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ થી સમાવી લેવામાં આવી છે.

તદ્ઉપરાંત કલમ 25A હેઠળ એવી જોગવાઈ કરવામાં આવી છે કે વસુલ નહીં થયેલ ભાડું તેમજ એરીયર્સ ઓફ રેન્ટ જે કરદાતાને પછીના વર્ષમાં મળે ત્યારે કરદાતા તે મકાનનો માલિક હોય કે ન હોય તો પણ આવી ભાડાની રકમમાંથી કરદાતાને મકાન-મિલકતની આવકમાંથી ૩૦ % નું સ્ટાન્ડર્ડ ડીડકશન મળી શકશે.

## (૨) ગોલ્ડ મોનીટરાઈઝેશન સ્કીમ (GDS) માંથી મળતા વ્યાજ તથા મૂડી નફો કરમુક્ત

આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલી બને તે રીતે કલમ ૧૦(૧૫) હેઠળ કરાયેલ વિશેષ જોગવાઈ હેઠળ ગોલ્ડ મોનીટરાઈઝેશન સ્કીમ ૨૦૧૫ના ડીપોઝીટ સર્ટિફિકેટ ઉપર ચૂકવાતા વ્યાજને સંપૂર્ણ કરમુકિતનો લાભ આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત કલમ ૨(૧૪) હેઠળ મૂડી રૂપી મિલકતની વ્યાખ્યામાંથી આ સ્કીમ હેઠળના ડીપોઝીટ સર્ટિફીકેટને બાકાત રાખીને કરપાત્ર મૂડી-નફાની જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે.

## (૩) સેલ્ફ એસેસમેન્ટ ટેક્ષની ચૂકવણી સંબંધી રીફંડના કેસમાં પણ કરદાતાને વ્યાજ ચૂકવાશે.

૧ લી જુન ૨૦૧૬ થી અમલી બને તેમ કલમ 244A હેઠળ કરવામાં આવેલ સુધારા અનુસાર કરદાતાને એડવાન્સ ટેક્સ કે TDS ની કપાતમાં રીફંડની રકમ પર વ્યાજ ચૂકવવામાં આવે છે તેવી જ રીતે કરદાતા દ્વારા ભરવામાં આવેલ સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ જો રીફંડ થતો હોય તો તે ટેક્સ ભર્યાની તારીખ કે આવકવેરા રીટર્ન ફાઈલ કર્યા તારીખ બેમાંથી જે તારીખ મોડી હોય તે તારીખથી શરૂ કરીને કરદાતાને વાર્ષિક ૬ % લેખે (માસિક ૦.૫૦ %) ના દરે વ્યાજ ચૂકવવામાં આવશે.

## (૪) કરવિવાદ સમાધાન યોજના – ૨૦૧૬

કેન્દ્રીય નાણામંત્રી દ્વારા બજેટ પ્રવચનમાં જણાવ્યું હતું કે ડાયરેકટ ટેક્સને લગતા ત્રણ લાખ કેસો પ્રથમ અપીલના તબક્કે ઉભા છે. જેમાં અંદાજે ૫.૫ લાખ કરોડની વિવાદાસ્પદ વસૂલાત અટવાયેલી છે. આ કેસોના ઝડપી તેમજ અસરકારક નિકાલ માટે નાણામંત્રી દ્વારા સીધા કરવેરા માટેની કરવિવાદ સમાધાન યોજના જાહેર કરવામાં આવી છે.

૧ લી જૂન ૨૦૧૬ થી અમલમાં આવનાર આ નવી Dispute Resolution Scheme (DRS) ની મહત્ત્વની જોગવાઈઓ અત્રે પ્રસ્તુત કરેલ છે.

### ૧. સીધા કરવેરા માટેની કરવેરા વિવાદ સમાધાન યોજનામાં શાનો સમાવેશ થશે ?

આ યોજનામાં ઈન્કમટેક્સ અને વેલ્થ ટેક્સના કાયદાઓ હેઠળ ૨૯ મી ફેબ્રુઆરી ૨૦૧૬ ના રોજ કમિશ્નર ઓફ અપીલ્સ સમક્ષ પેન્ડિંગ હોય તેવા ટેક્સ, વ્યાજ કે પેનલ્ટીને લગતી અપીલોનો સમાવેશ થશે.

### ૨. સીધા કરવેરાની વિવાદ સમાધાન યોજના હેઠળ ક્યાં કેસ સંબંધી સમાધાન થઇ શકશે નહીં.

- ૨૯ મી ફેબ્રુઆરી ૨૦૧૬ પહેલા જે કેસમાં સજાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય.

- સર્ચ તેમજ સર્વેના કેસો
- ડબલ ટેક્ષેસન અવોઇડન્સ એગ્રીમેન્ટ (DTAA) હેઠળના કેસો
- સ્પેશ્યલ કોર્ટ એક્ટ હેઠળ જેમના નામ જાહેર કરાયા હોય તેવા કેસો
- નાર્કોટીક ડ્રગ્સ એક્ટ, ઇન્ડિયન પીનલ કોડ, પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટ અથવા કોન્ઝર્વેશન ઓફ ફોરીન એક્ષચેન્જ એન્ડ પ્રીવેન્શન ઓફ સ્મગલિંગ એક્ટ (COFEPOSA) ના કાયદાઓના વ્યાપમાં આવતા કેસો.

**૩. સીધા કરવેરાની વિવાદ સમાધાન યોજનામાં લાભ લેનારે કેટલો ટેક્સ ભરવાનો રહેશે.**

- એસેસમેન્ટ કે રીએસેસમેન્ટની તારીખ સુધીનો ટેક્સ તેમજ તે તારીખ સુધીનું વ્યાજ
- જો ટેક્સની રકમ રૂા. ૧૦ લાખ થી વધુ હોય તો તેવા કેસમાં ઉપરોક્ત ટેક્સ અને વ્યાજ તથા મીનીમમ ૨૫ % પેનલ્ટી પણ ભરવાપાત્ર થશે.
- પેનલ્ટીના ઓર્ડર સામે પેન્ડિંગ અપીલના સંદર્ભમાં ઓછામાંઓછા દંડના ૨૫ % તેમજ તેને લગતા ટેક્સ તથા વ્યાજની રકમ
- ઈન્કમટેક્સ અને વેલ્થટેક્સના કાયદા હેઠળ પાછલી તારીખથી કરાયેલા સુધારાને લીધે ઉપસ્થિત થયેલ નિયત ટેક્સની રકમ

**૪. સીધા કરવેરા માટેની કરવિવાદ સમાધાન યોજનાની કાર્યવાહી લાભ અને શરતો**

- ૧ લી જુન - ૨૦૧૬ થી અમલી બનનાર આ યોજનામાં કરદાતા નિયત ફોર્મમાં ડેકલેરેશન કરી શકશે.
- આ ડેકલેરેશન રજૂ કર્યા બાદ કરદાતા દ્વારા કમિશ્નર ઓફ અપીલ્સ સમક્ષ પેન્ડિંગ અપીલને પાછી ખેંચી લેવામાં આવે છે તેમ માની લેવામાં આવશે. આ ઉપરાંત ડેકલરન્ટ દ્વારા એવી બાંહેધરી આપવાની રહેશે કે તેના કેસમાં કોઇપણ સત્તાધીશ સમક્ષ ચાલી રહેલી તેમજ સંલગ્ન કાર્યવાહી તેના દ્વારા પાછી ખેંચી લેવામાં આવશે.
- આ ડેકલરેશન ફાઇલ કર્યા બાદ ૬૦ દિવસમાં સત્તાધીશો દ્વારા ભરવાપાત્ર રકમ નક્કી કરીને જાણ કરવામાં આવશે. આ ટેક્સની રકમની ૩૦ દિવસમાં ચૂકવણી કરવાની રહેશે.
- આ યોજના હેઠળ સમાધાનનો લાભ લેનાર કરદાતા દ્વારા ટેક્સ ભરી દીધા બાદ બાકીનો ટેક્સની માંડવાળ કરવામાં આવશે અને તેના સંદર્ભમાં કરદાતા સામે કોઇ પણ સજાની કાર્યવાહીમાંથી સંપૂર્ણ મુક્તિ અપાશે. ડેકલરેશન હેઠળ સમાવેશ થતી બાબત સંબંધી કરદાતા સામે ભવિષ્યમાં પણ કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહીં.
- કરદાતા દ્વારા જે ડેકલરેશન કરવામાં આવેલ હોય તેમાં કોઇ મહત્ત્વની વિગત ખોટી પુરવાર થાય અથવા ડેકલરન્ટ દ્વારા આ યોજનાની શરતોનું પાલન કરવામાં આવે નહીં તો તેના ડેકલરેશનને અમાન્ય ગણવામાં આવશે.
- ડેકલરન્ટના કેસમાં નિયત સત્તાધીશનો ઓર્ડર થયા બાદ અને કરદાતા દ્વારા ભરવાપાત્ર રકમની ચુકવણી થયા બાદ આ સંબંધી પેન્ડિંગ અપીલ કે અન્ય કાર્યવાહીનો અંત આવશે.

## (૫) The Income Declaration Scheme 2016 (આવકની જાહેરાત યોજના - ૨૦૧૬)

અગાઉના વર્ષોમાં જેમણે તેમની સાચી આવક પર યોગ્ય આવકવેરો ભરેલ ન હોય તેવા કરદાતાઓ દ્વારા આ યોજના હેઠળ આવી છૂપાયેલી આવક જાહેર કરી તેના પર ૪૫ % ના ફલેટ દરે આવકવેરો સરચાર્જ તેમજ દંડ ભરવામાં આવે તો તે કરદાતાના કેસમાં સ્કુટીની કે વધુ તપાસમાંથી છૂટ તેમજ સજામાંથી મુક્તિનો લાભ આ યોજના દ્વારા મળી શકે છે.

**૧. આ યોજનાની મુદત :**

આ યોજના ૧ જૂન ૨૦૧૬ થી ચાલુ કરીને ૩૦ મી સપ્ટેમ્બર - ૨૦૧૬ સધીની રહેશે. આ યોજનાના સમયગાળા દરમિયાન કરદાતા પોતાની છુપાયેલી આવક જાહેર કરી શકશે.

## ૨. આ યોજના હેઠળ જાહેર કરી શકાતી આવક પર ટેક્સ, સરચાર્જ અને દંડની જવાબદારી

આ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ કે તેની અગાઉના કોઇપણ વર્ષ માટે નીચે જણાવેલી આવકોની જાહેરાત કરી શકશે.

- એવી આવક કે જેનું આવકવેરા રીર્ટન ભરવામાં આવ્યું ન હોય.
- એવી આવક કે જે આવકવેરા રીર્ટનમાં દર્શાવેલ ન હોય.
- એવી આવક કે જેની પૂર્ણ હકીકતો ન દર્શાવાને લીધે એસેસમેન્ટમાંથી છટકી ગઇ હોય.
- એવી આવક કે જેનું મિલ્કતમાં રોકાણ કરવામાં આવ્યું હોય તો તેવા કેસમાં તા. ૧-૬-૨૦૧૬ ના રોજનું તેની વ્યાજબી બજાર કિંમત ને છુપાએલી આવક ગણવામાં આવશે.
- આ યોજના હેઠળ જાહેર કરાતી આવકના સંદર્ભમાં કોઇપણ ખર્ચ કે કપાત બાદ મળી શકશે નહીં.
- આ યોજના હેઠળ જાહેર કરાતી છુપાએલી આવક પર ૩૦ % ના દરે આવકવેરો તેના ૨૫ % સરચાર્જ તેમજ આવા આવકવેરા ઉપર બીજા ૨૫% ની પેનલ્ટી આમ કુલ ટેક્સ, સરચાર્જ અને પેનલ્ટી સાથે અસરકારક ટેક્સ ૪૫ % ભરવાનો થશે.

## ૩. ઇન્કમ ડેકલરેશન સ્કીમનો લાભ કોને નહીં મળી શકે

નીચે જણાવેલ કેસોમાં આ યોજના હેઠળ આવકની કોઇ જાહેરાત કરી શકશે નહીં.

(૧) કોન્ઝવેશન ઓફ ફોરેન એક્સચેન્જ એન્ડ પ્રીવેન્શન ઓફ સ્મગલિંગ એક્ટ (COFEPOSN) હેઠળ અટકાયતનો ઓર્ડર કરવામાં આવ્યો હોય તેવા કેસમાં

(૨) ઇન્ડિયન પીનલ કોડ, નાર્કોટીક ડ્રગ્સ એક્ટ, કરપ્શન એક્ટ તેમજ સ્પેશ્યલ કોર્ટ એક્ટના કાયદાઓ હેઠળ સજાને પાત્ર કોઇપણ ગુના માટે જેની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવેલી હોય તેવા કેસમાં.

(૩) વિદેશમાંની કોઇ આવક કે મિલકત જે બ્લેક મની એક્ટ હેઠળ કરપાત્ર હોય.

(૪) નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ સુધીના કોઇપણ પાછલા વર્ષ માટે આવકવેરાને પાત્ર હોય તેવી આવકના સંદર્ભમાં

- આવકવેરા કાયદાની કલમ ૧૪૨ કે ૧૪૩ (૨) કે ૧૪૮ કે ૧૫૩ એ કે ૧૫૩ સી હેઠળ નોટિસ ઇશ્યુ કરાયેલ હોય અને તેને લગતી કાર્યવાહી બાકી હોય.
- આવકવેરાની સર્ચ કે સર્વેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોય.
- ડબલ ટેક્ષેસન એવોઇડન્મ એગ્રીમેન્ટ (DTAA) હેઠળ માહિતી મળેલ હોય.

## ૪. ઇન્કમ ડેકલરેશન સ્કીમ હેઠળ મળવા પાત્ર લાભ તેમજ મુક્તિઓ

- આ સ્કીમ હેઠળ જાહેર કરાયેલી આવક આવકવેરાના કાયદા હેઠળ કોઇપણ આકારની વર્ષ માટે કરપાત્ર ગણાશે નહીં.
- છુપાયેલી આવકની કરાયેલી જાહેરાતના સંદર્ભમાં આવી આવકનું રોકાણ કોઇ અન્ય વ્યક્તિના નામે ધારણ કરાયેલી મિલકતમાં કરવામાં આવેલ હોય અને આવી મિલકતને ડેકલરન્ટના નામે ટ્રાન્સફર કરવામાં આવે તો બેનામી ટ્રાન્ઝેકશન એક્ટની જોગવાઇ લાગુ પડશે નહીં.
- ડેકલરેશન હેઠળ જાહેર કરેલ હકીકતને ડેકલરન્ટ સામે કોઇ પણ દંડ કે સજાની કાર્યવાહીના સંદર્ભમાં પુરાવા તરીકે ઉપયોગ કરી શકાશે નહીં.
- ડેકલરન્ટ દ્વારા જાહેર કરાયેલ આવક કોઇ મિલકત સ્વરૂપે (જેમ કે રોકડ, સોનું, શેર વગેરે) ધારણ કરવામાં આવેલ હોય તો તે સંબંધી વેલ્થટેક્સના કાયદા હેઠળ કોઇ જવાબદારી ઉભી થશે નહીં.
- આ સ્કીમ હેઠળ જાહેર કરાયેલ મિલકતના વેચાણ સંબંધી મૂડી-નફો ઉદ્ભવે અને આવી મિલકતના સંદર્ભમાં આ સ્કીમ હેઠળ ટેક્સ અને પેનલ્ટી ભરવામાં આવી હોય તો આવા કેસમાં વેચાણ કરાતી મિલકતની ખરીદ કિંમત આ સ્કીમ હેઠળ જે વ્યાજબી બજાર કિંમત લેવામાં આવી હોય તે ગણાશે.

## નીચે મુજબના નાણાંકિય વ્યવહારોમાં PAN દર્શાવવો ફરજીયાત છે. (અમલ તા. ૧ જાન્યુઆરી - ૨૦૧૬)
## &
## ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ (TCS) અંગેની નવી જોગવાઇઓ (અમલ તા. ૦૧, જુન - ૨૦૧૬)

| વ્યવહારનો પ્રકાર | રકમ (રૂા.) | કરદાતાએ કરવાની કાર્યવાહી |
|---|---|---|
| રોકડેથી માલ કે સેવાનું વેચાણ (કોઇ પણ પ્રકારનું દા.ત. જોબવર્ક, દલાલી, ટ્રાન્સર્પોટેશન | રૂા. ૨,૦૦,૦૦૦ સુધી દરેક બીલ / કેશ મેમો દીઠ | કરદાતાએ કોઇપણ કાર્યવાહી કરવાની થતી નથી. |
| રોકડેથી માલ કે સેવાનું વેચાણ (કોઇપણ પ્રકારનું દા.ત. જોબવર્ક, દલાલી, ટ્રાન્સર્પોટેશન | રૂા. ૨,૦૦,૦૦૦ થી વધારે દરેક બીલ / કેશ મેમો દીઠ | ૧. જેને વેચાણ / સેવા આપી હોય તેના PAN કાર્ડની નકલ અને તેનું પોસ્ટલ એડ્રેસ લેવું.<br>૨. બીલની વેલ્યુના ૧ % લેખે TCS કલેકટ કરવો.<br>૩. TCS કલેકટ કરી તેને ગર્વમેન્ટમાં જમા કરાવવો. (જો આ પ્રકારના વ્યવહારમાં TDS ની કપાત કરવામાં આવેલ હોય તો TCS ને કલેકટ કરવાની જવાબદારી રહેશે નહીં. |
| રોકડ સિવાય માલ કે સેવાનું વેચાણ (કોઇપણ પ્રકારનું દા.ત. જોબ વર્ક, દલાલી, ટ્રાન્સર્પોટેશનના) | રૂા. ૨,૦૦,૦૦૦ સુધી દરેક ઇનવોઇસ દીઠ | કરદાતાએ કોઇપણ કાર્યવાહી કરવાની થતી નથી. |
| રોકડ સિવાય માલ કે સેવાનું વેચાણ (કોઇપણ પ્રકારનું દા.ત. જોબ વર્ક, દલાલી, ટ્રાન્સર્પોટેશન) | રૂા. ૨,૦૦,૦૦૦ થી વધારે દરેક ઇનવોઇસ દીઠ | - જો વેચાણનો પૂરેપૂરો અવેજ ચેકથી મળેલ હોય તો કરદાતાએ કોઇપણ કાર્યવાહી કરવાની થતી નથી.<br>- જો વેચાણનો અવેજ રોકડેથી મળેલ હોય તો<br>(૧) PAN કાર્ડની કોપી અને સરનામું<br>(૨) બીલની વેલ્યુના ૧ % લેખે TCS ની કપાત કરવી (જો જે તે ટ્રાન્ઝેકશનમાં TDS ની કપાત કરેલ હોય તો TCS ની કપાત કરવાની રહેશે નહીં. |

## ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટને રજૂ કરવાનો એન્યુઅલ ઇન્ફર્મેશન રીપોર્ટ (AIR)
## (અમલ તા. ૧ એપ્રિલ, ૨૦૧૬)

| | |
|---|---|
| એક પાર્ટી સાથે નાણાકી વર્ષ દરમ્યાન કુલ મળીને રૂા. ૨,૦૦,૦૦૦ વધુનું રોકાણ વેચાણ કરેલ હોય તો | ૧. જે તે પાટીનું ખાતું તા. ૧-૪-૨૦૧૬ થી મેઇન્ટેઇન કરવાનું હેશે.<br>૨. જે તે પાર્ટીની PAN કાર્ડની કોપી અને સરનામું<br>૩. આ વ્યવહારનું ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટમાં જે તે નાણાંકીય વર્ષ પૂરું થતા રીપોર્ટીંગ કરવાનું રહેશે. |




DISCLAIMER : This publication has been prepared by ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. While reasonable care has been taken in its preparation, this publication does not purport to be a complete description of the securities, markets or developments referred to herein and ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. does not warrant its accuracy or completeness. This publication is not an offer or solicitation of an offer to buy or sell any security or investments mentioned herein. Please read the offer documents carefully before investing.

**To**

Registered with Registrar of Newspapers for India Regi. No. GUJGUJ/2009/36607

Postal Regn. No. RAJKOT/600/2014-2016, office of posting RMS, Rajkot on 10th of every month Valid up to 31-12-2016

Printed by : Shri Rajen Umarshibhai Shah, Published by : Shri Daxesh Dinesh Kothari, Owned by : Shri Daxesh Dinesh Kothari and Printed at : Shrenik Printers, 134-Udhyog Nagar Colony, Opp. Krishna Steel, Lohanagar Main Road, Off. Gondal Road, Rajkot-360002. Gujarat- India and Published at : ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD., Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, Rajkot 360001. Gujarat-India. Editor : Shri Daxesh Dinesh Kothari.